અનુદાન વગરની બિનસરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજુરી આપવાની નીતિ **નક્કી કરવા બાબત**

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૨૯૫-હરૂેમરમાર-૬૩-ગ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૧-૧-૧૯૯૭

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૩-૭-૯૩ નો પત્ર ક્રમાંક : ઉમશ-૧૨૯૩-૧૨૯૮-ગ.૧

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૧-૭-૯૩નો પત્ર ક્રમાંક :બમશ-૧૨૯૩-૧૩૨૨-છ

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૪-૯-૯૩નો ઠરાવ ક્રમાંક :બમશ-૧૧૯૩-૮૮૫-ગ

(૪) શિક્ષણ વિભાગનો તા.૨૩-૬-૯૫ નો પત્ર ક્રમાંક :બમશ-૧૨૯૩-૧૩૨૨-છ

(૫) શિક્ષણ વિભાગનો તા.૨૬-૨-૯૬ નો પત્ર ક્રમાંક :બમશ-૧૨૯૩-૧૩૨૨-છ

**ઠ રા વ :-**

રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાન આપવાની નીતિ ઘણા સમયથી અમલમાં છે. અનુદાનની નીતિ અન્વયે રાજય સરકાર પર ગ્રાન્ટની રકમનો વધતો જતો બોજ ઘટાડવા, સને ૧૯૯૩ માં કાયમી ધોરણે ગ્રાન્ટ ન લેવાની શરતે બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજુરી આપવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અપાતી ગ્રાન્ટનો નાણાંકિય બોજો સરકાર ઉપર ઉત્તરોઉત્તર વધતો રહેલ છે. આવો નાણાંકીય બોજો ઘટે તે હેતુથી સરકારશ્રીએ નવો ગ્રાન્ટ સહીતની શાળાઓની મંજુરી આપવાની નીતિ ઘણી ચુસ્ત બનાવી ફક્ત ૧૦ કિ.મી.ના વિસ્તારમાં કોઇ શાળા ન હોય તેવા વિસ્તારમાં જ તેમજ પછાત વિસ્તારમાં જ ગ્રાન્ટ સહિતની નવી શાળાની મંજુરી આપવી તેવી નીતિ નકકી થયેલ છે. બીજા કિસ્સાઓમાં કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે / શાળા સંચાલક મંડળો શાળા ચલાવવા માંગતા હોય તેવા ટ્રસ્ટોની અરજીઓ વિચારણામાં લઇને જો ટ્રસ્ટ આર્થિક સધ્ધરતા ધરાવતું હોય અને અન્ય શરતો પરિપૂર્ણ કરતી હોય તેવી પસંદગીની શાળાઓને કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે જુન-૧૯૯૩ ના શૈક્ષણિક વર્ષથી નવી શાળાઓની મંજુરી આપવાની નીતિ સરકારે અમલમાં મુકેલી છે. આમ કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે મંજુર કરાતી નવી બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટેની શરતો આ વિભાગના પ્રસ્તાવાનામાં અનુક્રમ ૧ થી ૫ ઉપર દર્શાવેલા પત્રો / ઠરાવો અન્વયે કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે મંજુરી મેળવવા માંગતી શાળાઓ માટે કેટલીક જુદી જુદી શરતો નકકી કરવામાં આવેલી છે તે મુજબ આવી શાળાઓ અનામત કક્ષાના વિદ્યાર્થીઓ તથા કન્યાઓ પાસેથી ફી લઇ શકતી નથી. વધુમાં ગ્રાન્ટ વિનાની શાળાઓને સરકાર તરફથી ગ્રાન્ટ મળતી નહીં હોવાથી તથા અનામત કક્ષાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ પાસેથી ફી લઇ શકાતી ન હોવાથી આવી બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, સંચાલક મંડળો તથા કેળવણીકારો તરફથી ગ્રાન્ટ વિનાની બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અપાતી મંજુરીની પ્રવર્તમાન શરતો હળવી કરવા ઘણી રજુઆતો સરકારશ્રીમાં થયેલી છે જેને ધ્યાને લઇ આ શરતો હળવી કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં સક્રિય વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ગ્રાન્ટ વિનાની બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજુરી આપવા અંગેની શરતો જે પ્રસ્તાવનામાં દર્શાવેલા શિક્ષણ વિભાગના અનુક્રમ ૧ થી ૫ ઉપરના પત્રો / ઠરાવો અન્વયે નકકી કરવામાં આવેલ હતી તેની સમીક્ષા અને પુર્નવિચારણા કરી જુન-૧૯૯૬ થી ગ્રાન્ટ વિનાની બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપવામાં આવેલ મંજુરીના કિસ્સામાં જુન-૧૯૯૬ થી અમલમાં આવે તે રીતે આથી નીચેની શરતો નકકી કરવામાં આવે છે.

(૧) (અ) શાળાએ ધોરણ ૮ ના પ્રથમ વર્ગ માટે રૂા.૨.૦૦ લાખ, ધોરણ ૯ ના પ્રથમ વર્ગ માટે રૂા.૫૦/- હજાર તથા ધોરણ ૧૦ ના પ્રથમ વર્ગ માટે રૂા.૫૦/- હજાર ડિપોઝીટ પેટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથે

2159425

સંયુક્ત ખાતામાં જમા કરાવવાના રહેશે. આમાં પ્રથમ અને બીજા વર્ષે સંયુક્ત ખાતામાં જમા થયેલ રકમ ઉપર મળેલ વ્યાજ ધ્યાને લેવાનું રહેશે નહીં.

ધોરણ ૮ કે ધોરણ ૯ ના બીજા વધારાના વર્ગની માંગણી કરવામાં આવે ત્યારે વર્ગદીઠ રૂ.૫૦/- હજાર અગાઉ સંયુક્ત ખાતામાં જમા થયેલ રકમ ઉપરાંત જમા કરાવવાના રહેશે. ધોરણ ૧૦ ના બીજા ક્રમિક વર્ગ વધારા માટે કોઇ ડિપોઝીટ મૂકવાની રહેશે નહીં. ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ ના પ્રથમ વર્ગ માટે રૂ. ૨ લાખ ડિપોઝીટ પેટે સંયુક્ત ખાતામાં જમા કરાવવાના રહેશે. ધોરણ ૧૧ કે ધોરણ ૧૨ ના બીજા વધારાના વર્ગની માંગણી કરવામાં આવે ત્યારે વર્ગદીઠ રૂ.૫૦/- હજાર સંયુક્ત ખાતામાં જમા કરાવવાના રહેશે.

(બ) ડિપોઝીટની રકમ શિડયુલ બેન્ક અથવા નાની બચતના પ્રમાણપત્ર કે જેમાં નામજોગ પ્રમાણપત્ર મળતું હોય તેમાં રોકવાની રહેશે.

(ક) ડિપોઝીટ પર મળેલ વ્યાજની રકમ શૈક્ષણિક હેતુ માટે સંસ્થા ઉપાડવા માંગતી હોય તો સંસ્થા પાસેથી તે મતલબની બાંહેધરી એફિડેવીટ સ્વરુપમાં મેળવીને સંસ્થાને વ્યાજની રકમ ઉપાડવા દેવા સક્ષમ અધિકારી મંજુરી આપશે.

(૨) શાળામાં એસ.સી., એસ.ટી. અને બક્ષી પંચના વિદ્યાર્થીઓને અનુક્રમે ૭ ટકા, ૧૪ ટકા અને ૧૦ ટકાના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે. હાલમાં જે અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવતી નથી તેવા અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પાસેથી ગ્રાન્ટ વગરની શાળા ફી લઇ શકશે. સંસ્થાને સરકાર તરફથી ફી પેટે કોઇ ગ્રાન્ટ ચુકવવામાં આવશે નહીં.

(૩) હાલમાં કન્યા કેળવણી મફત છે પરંતુ ગ્રાન્ટ વિનાની શાળાઓ માટે ફી એ જ આવકનો મુખ્ય સ્રોત હોઇ, ગ્રાન્ટ વિનાની બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કન્યાઓ (વિદ્યાર્થીનીઓ) પાસેથી ફી લઇ શકશે. કન્યાઓની ફી પેટે સરકાર તરફથી સંસ્થાને કોઇ ગ્રાન્ટ ચુકવવામાં આવશે નહીં.

(૪) કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે જે શાળાઓને મંજુરી અપાયેલ છે તેવી શાળાઓએ વિદ્યાર્થીઓ પાસેથી કેટલી ફી લેવાની રહેશે તેનું ધોરણ સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે પ્રમાણેનું રહેશે. હાલ આ ધોરણો પેરા-૫ માં દર્શાવ્યા પ્રમાણેના નક્કી કરવામાં આવે છે.

(૫) કાયમી ધોરણે સરકારી અનુદાન સહાય વગર મંજુર કરાતી બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફી, સત્ર ફી તથા પ્રવેશફીનું ધોરણ નીચે મુજબનું રહેશે.

| ક્રમાંક | ધોરણ | ટ્યુશન ફી (પ્રતિમાસ) | સત્ર ફી પ્રતિ વર્ષ (વર્ષમાં બે સત્રના ધોરણે) | પ્રવેશ ફી ધોરણ ૮ માં કે જે તે ધોરણમાં પ્રથમ વખત દાખલ થતી વેળાએ એક જ વાર |
|---|---|---|---|---|
| ૧ | ૮ | રૂ.૧૨૫/- | રૂ.૨૫૦/- | રૂ.૧૦૦/- |
| ૨ | ૯ | રૂ.૧૪૦/- | રૂ.૨૫૦/ | રૂ.૧૦૦/ |
| ૩ | ૧૦ | રૂ.૧૬૦/- | રૂ.૨૫૦/ | રૂ.૧૦૦/ |
| ૪ | ૧૧ | રૂ.૧૭૫/- | રૂ.૨૫૦/ | રૂ.૧૦૦/ |
| ૫ | ૧૨ | રૂ.૨૦૦/- | રૂ.૨૫૦/ | રૂ.૧૦૦/ |

ઉપરોક્ત ફીના ધોરણો અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ફીના ઉપરોક્ત ધોરણો ગુરુત્તમ છે અને દરેક શાળા વિદ્યાર્થીઓને કઇ સગવડ આપે છે તે લક્ષમાં લઇ જે તે શાળાએ લેવા પાત્ર ફીની રકમ નક્કી કરવામાં આવશે. આવી મંજુરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આપશે, અને લેવાપાત્ર ફી નક્કી કરતી વખતે શાળા તરફથી વિદ્યાર્થીઓને અપાતી શિક્ષણની ગુણવત્તા, શાળામાં નિમાયેલ શૈક્ષણિક સ્ટાફની ગુણવત્તા, શાળાના મકાનની વ્યવસ્થા તેમજ શૈક્ષણિક તથા ઇતર પ્રવૃતિઓ માટે વિદ્યાર્થીઓને અપાતી સગવડ વગેરે લક્ષમાં લઇ ફી નક્કી કરવાની રહેશે. આમ શાળાને ફીની જે આવક થાય તેમાંથી ૮૦ ટકા રકમ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના પગાર ભથ્થા માટે વાપરવાની રહેશે અને ૨૦ ટકા રકમ શાળાના અન્ય માન્ય ખર્ચ માટે કરવાનો રહેશે. આવી શાળાઓમાં દાખલ થતી તેમજ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ તથા અનામત વર્ગના વિદ્યાર્થીઓ પાસેથી સરકારની નીતિ પ્રમાણે શાળા ફી લઇ શકશે. ટૂંકમાં કોઇ પણ પ્રકારનું અનુદાન સહાય સરકાર

તરફથી શાળાને કે વિદ્યાર્થીઓને આપવામાં આવશે નહીં. ફીનું ઉક્ત ધોરણ સરકારની કોઇ પણ જાતની ગ્રાન્ટ કે સહાય નહીં લેવાની શરતે મંજુર કરાતી / ચાલતી બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જ લાગુ પડે છે.

(૬) ગ્રાન્ટ નહીં લેવાની શરતે મંજુર કરેલ શાળાના વર્ગ બંધ થાય કે શાળા બંધ થાય તો તેવી શાળાના શિક્ષકોની સરકારશ્રી દ્વારા ફાજલ શિક્ષકોને અપાતા રક્ષણનો લાભ મળી શકશે નહીં.

(૭) શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓના પગાર સરકારે વખતોવખત નક્કી કરેલા પગાર ધોરણ પ્રમાણે જ ચુકવવાના રહેશે. સરકારે નિયત કરેલ પગાર ધોરણ કરતાં કોઇ શાળા વધુ પગાર આપવા માંગતી હોય તો તે આપી શકશે.

(૮) સરકારે નક્કી કર્યા મુજબનો અભ્યાસક્રમ શાળાએ ચલાવવાનો રહેશે. કોઇ શાળા નિયત અભ્યાસક્રમ ઉપરાંત વધારાનું શિક્ષણ આપવા માંગતી હોય તો તે આપી શકશે.

(૯) કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે મંજુર કરાયેલી શાળાઓના શિક્ષકોના તેમજ અન્ય કર્મચારીઓના પેન્શનની જવાબદારી શાળાઓએ ઉઠાવવાની રહેશે. આવી શાળાના કર્મચારીઓની કોઇ પણ પ્રકારની નાણાંકિય જવાબદારી સરકાર પર રહેશે નહીં.

(૧૦) ગ્રાન્ટ નહીં લેતી બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગો બંધ થાય અને તેના કોઇ કર્મચારીને છુટા કરવા પડે તો તેની જવાબદારી સંચાલક મંડળની રહેશે અને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોની વખતોવખત અમલમાં હોય તેવી વળતરની જોગવાઇઓ મુજબનું વળતર ચુકવવાનું રહેશે.

(૧૧) આવી બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ કર્મચારીઓની ભરતી માટે ના-વાંધા પ્રમાણપત્ર કે બહાલી મેળવવાની રહેશે નહીં. ગ્રાન્ટ ન લેતી માધ્યમિક શાળાઓ નિયમોનુસાર નક્કી કરેલ વર્ગદીઠ શિક્ષકના પ્રમાણ કરતાં ઓછી સંખ્યામાં શિક્ષકો રાખી શકશે નહીં.

(૧૨) ગ્રાન્ટ નહીં લેવાની શરતે જે શાળાઓને મંજુરી આપવામાં આવી હોય તેવી સંસ્થાઓ પાસેથી પોતે કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવા માંગતી હોય તે અંગેની નક્કી કર્યા મુજબની નોટરી સમક્ષ કરાવેલી એફીડેવીટ માધ્યમિક શાળાઓ માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સમક્ષ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ૧૦ વત્તા ૨ ખાસ ઘટક સમક્ષ રજુ કરવાની રહેશે અને આવી એફિડેવીટ રજુ થયા બાદ જ સંસ્થાને મંજુરીનો આદેશ આપવામાં આવશે. સક્ષમ અધિકારીએ એફિડેવીટમાં નક્કી કરાયેલ અને જરુરી બધી જ શરતો આવરી લેવાય તે જોવાનું રહેશે.

૨/- ઉપર પ્રમાણેની નક્કી કરવામાં આવેલી શરતોની નીતિ અન્વયે ફક્ત કાયમી ધોરણે ગ્રાન્ટ (અનુદાન) ન લેવાની શરતે મંજુર કરવાની બિનસરકારી માધ્યમિક / ઉચ્ચર માધ્યમિક શાળાઓને જ લાગુ પડશે અને સને ૧૯૯૬ ના શૈક્ષણિક વર્ષથી તેનો અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

**(એચ.વી.પટેલ)**

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

માન. રાજય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણ, સચિવાલય,ગાંધીનગર.

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ૧૦ વત્તા ૨ ખાસ ઘટક, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું મકાન, ગાંધીનગર.

સંયુકત શિક્ષણ નિયામકશ્રી (વ્યવસાયલક્ષી) ૧૦ વત્તા ૨ ખાસ ઘટક, પાટનગર યોજના ભવન, અમદાવાદ

સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ

મહાલેખાધિકારીશ્રી નં.૧, ગુજરાત, અમદાવાદ / ગાંધીનગર

મહાલેખાધિકારીશ્રી નં.૨, ગુજરાત, રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર

સ્થાનિક હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર

સરકારી તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ

શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ

સિલેકટ ફાઇલ, ગ.૧ શાખા / મદદનીશ સીલેકટ ફાઇલ

૨૧૬૯૪૨૭